# SAURASHTRA UNIVERSITY

Registrar Office, University Campus, University Road,
Rajkot – 360 005

Accredited Grade "A" by NAAC (3rd Cycle)

PHONE : (0281) 2578501 Ext. No. 206 / FAX : (0281) 2586983
E-Mail ID : registyrar@sauuni.ac.in


નં.જોડાણ/પીએઆર/૬૧/૨૦૨૦

તા.૧૩/૦૪/૨૦૨૦

**સંદર્ભ :- સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૧૩/૦૪/૨૦૨૦નાં પરિપત્ર ક્રમાંક : પરચ/૨૦૧૮/૬૧/ખ-૧**

**પરિપત્ર :-**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ, યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે તાજેતરમાં નોવેલ કોરોના વાઈરસ COVID-19 ની મહામારીની પરિસ્થિતિ ધ્યાને લઈ સરકારશ્રીના સંદર્ભ પરિપત્રથી યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજો માટે તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.૧૬/૦૫/૨૦૨૦ સુધી (બંને દિવસો સામેલ ગણીને) વેકેશન જાહેર કરવામાં આવેલ છે. જે પરત્વે યોગ્ય કાર્યવાહી થવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પરિપત્ર

કુલસચિવ

પ્રતિ,

૧. યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના આચાર્યશ્રીઓ.
૨. માન્ય સંસ્થાઓના વડાઓ.
૩. યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ

**નકલ સાદર રવાના :-**

૧. માન. કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-**

૧. દરેક વિભાગના વડાઓ તરફ
૨. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અંગે)

Scanned with CamScanner

રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ
માટે વેકેશન જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ પરચ/૨૦૧૮/૬૧/ખ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૩/૦૪/૨૦૨૦

**સંદર્ભઃ-** શિક્ષણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૩/૦૭/૨૦૧૯ પરિપત્ર

**પરિપત્રઃ-**

વંચાણે લીધેલા શિક્ષણ વિભાગના તા.૦૩/૦૭/૨૦૧૯ ના સરખા ક્રમાંકના પરિપત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે કોમન એકેડેમિક કેલેન્ડર મેડિકલ અને ફાર્મસી અભ્યાસક્રમો સિવાયના અભ્યાસક્રમોમાં અમલમાં મુકવામાં આવેલ છે. આ કેલેન્ડર મુજબ સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે તા. ૨૫/૦૪/૨૦૨૦ થી તા.૧૩/૦૬/૨૦૨૦ સુધી ઉનાળુ વેકેશન નિયત કરવામાં આવેલ છે.

તાજેતરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે અને આ આકસ્મિક પરિસ્થિતિને ધ્યાને લઇને તકેદારીના પગલાંરૂપે રાજ્યની તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ગુજરાતમાં કાર્યરત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર તથા સ્વાયત્ત સંસ્થાઓ હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની સુચનાઓ શિક્ષણ વિભાગના તા.૨૧/૦૩/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ પરચ/૧૧૨૦૨૦/૧૫૧(૨)/વ-૨ થી બહાર પાડવામાં આવેલ છે. વધુમાં માન.વડાપ્રધાનશ્રી દ્વારા રાષ્ટ્રને કરાયેલ ઉદબોધનથી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે અને છેલ્લા ૨૫ દિવસથી શૈક્ષણિક સંસ્થાઓ સંપૂર્ણ રીતે બંધ છે.

આ સંબંધે યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલરો દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે ઉપર જણાવેલ સમયગાળા દરમ્યાન યુનિવર્સિટીઓ/કોલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ કરવામાં

Scanned with CamScanner

આવેલ છે પરંતુ તેના કારણે વર્ષ ૨૦૧૯-૨૦ની પરીક્ષાઓ હજી પૂર્ણ થયેલ નથી. આ પરીક્ષાઓ યોજવા અંગે UGC તથા AICTE નું માર્ગદર્શન મળ્યેથી તે પ્રમાણે પરિસ્થિતિને અનુકૂળ નિર્ણય લેવામાં આવશે.

દરમ્યાનમાં હાલની પરિસ્થિતિને ધ્યાને લઇને તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.૧૬/૦૫/૨૦૨૦ સુધી ( *બંને દિવસો સામેલ ગણીને* ) તમામ સરકારી યુનિવર્સિટી અને તેને સંલગ્ન સરકારી, ખાનગી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો માટે વેકેશન જાહેર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

રોનક મહેતા

( રોનક મહેતા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટે.શિ.), સચિવાલય, ગાંધીનગર
- વાઇસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર
- નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર
- એડવાઈઝરશ્રી, કે.સી.જી, નવરંગપુરા, અમદાવાદ
- સીલેક્ટ ફાઇલ

Scanned with CamScanner